ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૫/૨૨-૨૩/ 2276
તારીખ : 11-07-2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૫/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાસીયા,**
**વૃંદાવન ઓર્ગેનીક ડેરી ફાર્મ,**
**કેનાલ પાસે, બોટાદ રોડ,**
**ગઢડા (સ્વા.), તા.ગઢડા.**

**મો.નં – ૯૪૨૭૭ ૫૩૨૫૬**

**વિષય : અમારા ફાર્મ પરથી પસાર થતી જોખમી વિજ લાઈન/ પોલ દૂર કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૫/૦૫/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૫/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૨-૨૩/૧૫૬૬ તા.૧૮/૦૫/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૨-૨૩/૧૮૪૧ તા.૦૭/૦૬/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૪/૦૬/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગઢડા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૨, ગઢડા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૫/૨૨–૨૩</u> ☜

વાદી :– **શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાશીયા,**

◈ વિરૂઘ્ઘ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૨૪/૦૬/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાસીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાસીયા, મું.ગઢડા, તા.બોટાદ, જી.બોટાદની અમારા ફાર્મ પરથી પસાર થતી જોખમી વિજ લાઈન/પોલ દૂર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૨–૨૩/૧૫૬૬ તા.૧૮/૦૫/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૪/૦૬/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાસીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાસીયા, ગઢડા ગામે, ગઢડા–બોટાદ રોડ ઉપર આવેલ વૃંદાવન ફાર્મ નામે ઓળખાતી વાડીમાં વસવાટ કરે છે. વાદીશ્રી તેમના આ સ્થળે બે વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ જીવરાજભાઈ નથુભાઈ વઘાસીયાના નામે ગ્રાહક નં–૬૦૧૦૧/૦૩૫૧૨/૮ થી ૫.૦ હો.પા.નું ખેતીવાડી હેતુ માટેનું વિજ જોડાણ ગઢડા ગામના સર્વે નં–૧૩૮ પૈકી ૧ માં ધરાવે છે. જે વિજ જોડાણ નો વિજ પુરવઠો ૧૧ કેવી ટાટમ ખેતીવાડી ફીડર પરથી આપવામાં આવેલ છે.

૧.૩ જીવરાજભાઈ નથુભાઈ વઘાસીયા ના નામે ગ્રાહક નં–૬૦૧૦૧/૪૧૦૧૯/૦ થી ૭.૫ હો.પા.નું ગ્રીન હાઉસ હેતુ માટેનું વિજ જોડાણ ગઢડા ગામના સર્વે નં–૧૩૮ પૈકી ૧ માં ધરાવે છે. જે વિજ જોડાણ નો વિજ પુરવઠો ૧૧ કે.વી.રેફરલ અર્બન ફીડર પરથી આપવામાં આવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ વાદીની રજૂઆત અનુસાર તા.૭/૪/૨૦૨૨ ના રોજ ૧૪.૪૫ કલાકે ૧૧ કેવી ટાટમ ખેતીવાડી વિજ લાઈનના તેમની વાડીમાં આવેલ ગર્ડર વિજ પોલ ઉપર સ્પાર્કીંગ થવાના કારણે, તેમની વાડીમાં આગ લાગવાનો બનાવ બનવા પામેલ. જેના લીધે તેઓને ખૂબ જ નુકશાન થયેલ છે. જે અંગે વાદી દ્વારા પોલીસ ફરીયાદ નોંધાવેલ છે.

૧.૫ વાદીની રજૂઆત અનુસાર અગાઉ પણ બે વખત આગનો બનાવ બનેલ છે.

૧.૬ વાદીની રજૂઆત અનુસાર વારંવાર આગના બનાવ ના લીધે થતા નુકશાન ને અટકાવવા માટે તેમની વાડીમાં આવેલ ૧૧ કેવી વિજ લાઈન અન્ય જગ્યાએ ફેરવવા જણાવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીની રજૂઆત મુજબ તા.૭/૪/૨૦૨૨ ના રોજ ૧૪.૪૫ કલાકે આગ લાગવાનો બનાવ બનેલ છે. પરંતુ, આ સમયે ૧૧ કેવી ટાટમ ખેતીવાડી વિજ ફીડરમાં કોઈ વિજ વિક્ષેપ સબ સ્ટેશનમાં નોંધાયેલ નથી. તા.૭/૪/૨૦૨૨ ના રોજ ૧૭.૩૦ કલાકે શ્રી નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય –૨ પેટા વિભાગીય કચેરી, ગઢડા દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવેલ. સ્થળ મુલાકાત દરમ્યાન ધ્યાને આવેલ છે કે, તેમની વાડીના અમુક ભાગમાં આગ લાગેલ હતી. પરંતુ, વાદીના જણાવ્યા અનુસાર ના વિજ પોલ ઉપર વિજ લાઈનનું કોઈ જમ્પર તૂટેલ ન હતું કે કોઈ સ્પાર્કીંગ પણ જોવા મળેલ નથી.

૨.૨ પોલીસ પંચનામા અનુસાર વાડીમાં આવેલ લોખંડના ઈલેકટ્રીક પોલના તાર તૂટેલ જોવા મળેલ નથી. તથા આ વિજ પોલ ની નીચે આવેલ સૂકા જાડી જાંખરા જેમના તેમ હોવાનું જણાયેલ છે. તેમજ સદર પોલની નીચે મધપુડો જેમની તેમ હાલતમાં જોવા મળેલ છે. તેમજ વિજ પોલ ની બાજુમાંથી નીકળતી પાણીની પીવીસી પાઈપને કોઈ નુકશાન થયેલ નથી. પરંતુ, સદર વિજ પોલ થી દક્ષિણ દિશાએ ઘઉં નો પાક લઈ લીધા બાદ રહેલ ઘઉંના ભાઠા સળગ્યા હોવાનું જણાયેલ છે. સદર આગની વરાળથી આઠ થી દશ આંબાના નાના છોડ તથા દસેક જમરૂખ ના છોડ, તથા વીસેક બોરડીના છોડ બળી ગયેલ જણાયેલ.

૨.૩ વાદીશ્રી દ્વારા તેમના ઉભા પાકને કે તૈયાર થયેલ પાકને કોઈ નુકશાન થયેલ હોવાનું જણાયેલ નથી.

૨.૪ વાદીની વિજ લાઈન ફેરવવાની રજૂઆત અન્વયે ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર ક્રમાંક–૧૪૬૬ તા.૨૮/૪/૨૦૨૨ થી રૂા.૭૪,૭૪૧/– નું અંદાજપત્ર પાઠવેલ. જે વાદીશ્રી દ્વારા ભરપાઈ કરેલ નથી. વાદીની અંદાજપત્ર ભરપાઈ કર્યા સિવાય વિજ લાઈન ફેરવી આપવાની માંગણી ગ્રાહય રાખી શકાય નહી.

૨.૫ વધુમાં, સદર વિજ પોલ પર આવેલ તમામ જમ્પર ઈન્સ્યુલેટેડ વાયરથી બદલી આપીને જરૂરી સમારકામ કરી આપવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી દિનેશભાઈ જીવરાજભાઈ વઘાસીયા, બોટાદ રોડ, ગઢડા (સ્વા.) દ્વારા તેમના ઓર્ગેનીક ડેરી ફાર્મ માં પ્રતિવાદી પીજીવીસીએલ ની વિજ લાઈનમાં સ્પાર્ક થવાને કારણે લાગેલ આગથી તેમની વાડીમાં પાકને થયેલ નુકશાન અંગે ફોરમને રજૂઆત કરેલ છે. તથા જોખમી વિજ લાઈન દૂર કરાવી આપવા બાબતની રજૂઆત છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૨ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદી તથા પ્રતિવાદીની મૌખિક રજૂઆતો અને રજૂ થયેલ દસ્તાવેજો જોતાં, ફોરમને જણાય છે કે, વાદીની રજૂઆત મુજબનું ૧૧ કેવી ટાટમ ખેતીવાડી વિજ ફીડરમાં તા.૭/૪/૨૦૨૨ ના ૧૪.૪૫ કલાક ના રોજ કોઈ વિજ વિક્ષેપ થયા હોવાનું ટેકનીકલી સાબિત થતું નથી. સવિશેષ પોલીસ પંચનામાને ધ્યાને લેતાં, તે પણ સ્પષ્ટ થાય છે કે, વાદીના ઉભા પાકને આગને લીધે કોઈ નુકશાન થયેલ નથી.

૩.૩ આ તબકકે વાદી દ્વારા તેમની વાડીમાં આવેલ ૧૧ કેવી વિજ લાઈન અન્ય જગ્યાએ ફેરવવા માટે પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા પત્ર નં– ૧૪૬૬ થી તા.૨૮/૪/૨૦૨૨ ના રોજ રૂ.૭૪૭૪૧/– નું અંદાજપત્ર પાઠવેલ છે. જે વાદીએ ભરી આપવું જરૂરી છે. જે વાદીએ ભરપાઈ કરેલ નથી. આજરોજની ફોરમની સુનાવણી દરમ્યાન પણ તેઓએ ભરપાઈ કરવાનો ઈરાદો વ્યક્ત કરેલ નથી. લાઈન ફેરવવા માટે લાઈન શીફટીંગનું ભાવપત્રક ભરવું જરૂરી છે.

૩.૪ આથી હુકમ કરવામાં આવે છે કે, વાદી દ્વારા લાઈન શીફટીંગનું ભાવપત્રક ભર્યેથી લાઈન શીફટીંગની કાર્યવાહી પૂર્ણ કરવી અન્યથા, હાલ વીજલાઇન અને ટ્રાન્સફોર્મર સેન્ટરનું સમયાંતરે સમારકામ કરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે તે યોગ્ય છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૪/૦૬/૨૦૨૨.